ડાંગર સંશોધન કેન્દ્ર, મોડેલ ફાર્મ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઇ ખાતે વઢવાણા રોડથી મોડલ ફાર્મ, ડભોઇ સુધીનો નવો બનાવવાના થતા રોડ બાબતે

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ - ૩૮૮ ૧૧૦

વંચાણે : નિયામક મંડળની તા. ૧૫.૧૧.૨૦૧૫ના રોજ મળેલ ૩૯મી બેઠકના ઠરાવ નંબર ૩૯.૧૮

## જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જાણ અર્થે જાહેર કરવામાં આવે છે કે આ યુનિવર્સિટીના નિયામક મંડળની તારીખ : ૧૫.૧૧.૨૦૧૫ના રોજ મળેલ ૩૯મી બેઠકના ઠરાવ નંબર ૩૯.૧૮થી નીચે મુજબ ઠરાવેલ છે:

"આથી ઠરાવવામાં આવે છે કે, ડાંગર સંશોધન કેન્દ્ર, મોડેલ ફાર્મ, આકૃયુ, ડભોઇ ખાતે વઢવાણા રોડથી મોડલ ફાર્મ, ડભોઇ સુધીનો નવો બનાવવાના થતા રોડ માટે સાર્વજનીક હિતને ધ્યાને રાખી જમીનના ખાનગી માલિકશ્રી, ભાસ્કરભાઇ ભાઇલાલભાઇ પટેલના સર્વે ન. ૩૮૫/૪ પૈકી વાળી જમીનમાંથી ૮૪૦ ચો.મી.ના અંદાજિત રૂા. ૭.૦૦ લાખ તેઓને ચૂકવવા માટે કરવાનો સમજૂતી કરાર **(As per Annexure)** ને મંજૂરી આપવામાં આવે છે. આ કરાર થયેથી તે અંગેની નોંધ ગામના નમૂના નં. ૭/૧૨ના બીજા હકકમાં કરવાની રહેશે અને આ જમીનનો કબ્જો યુનિવર્સિટીએ મેળવવાનો રહેશે.તેમજ આ કામ માટેના રૂા. ૭.૦૦ લાખનો ખર્ચ ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઇ ખાતેના રીવોલ્વીંગ ફંડમાંથી કરવા ઠરાવવામાં આવ્યું, જેથી માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા.૦૧.૦૬.૨૦૧૫ના પત્ર ક્રમાંક વીઆરઆર-૨૦૧૫-જો.નં.૧૨-ડી.૨થી કરવામાં આવેલ રૂા.૫૦.૦૦ લાખની જોગવાઇનો ઉપયોગ કરી નવો રોડ બનાવી શકાય."

**નંબર : આકૃયુ/સંશો/ટી-૧/ ૮૦૨૪ /૨૦૧૫**
**તા. ૨૩.૧૧.૨૦૧૫**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

<u>નકલ સવિનય રવાના;</u>

૧. નિયામક મંડળના તમામ સભ્ય તરફ જાણ સારૂ.
૨. કૃષિ સંશોધન પરિષદના તમામ સભ્ય તરફ જાણ સારૂ.
૩. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારી તરફ જાણ સારૂ.
૪. કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ તેમના જા.નં.આકૃયુ/રજિ/એકે(મીટીંગ)/(૧૧૪)/૧૩૭૦-૧૩૭૬/૨૦૧૫, તા.:૦૨.૧૧.૨૦૧૫ જાણ સારૂ.

<u>નકલ રવાના;</u>

૧. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨. મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઇ

-: Annexure:-

## સાર્વજનિક હિતમાં સમજુતી કરાર

| ૧. સમજુતી કરાર કરી આપનાર :- | | | |
|---|---|---|---|
| નામ | ઉંમ્ર | વ્યવસાય | રહેવાસી |
| પટેલ ભાસ્કરભાઇ ભાઇલાલભાઇ | ૬૫ | નિવૃત નોકરી | ૨, સન્મતી સોસાયટી, હાજીપાર્કની સામે અકોટા, વડોદરા |
| **૨. સમજુતી કરાર કરી લેનાર :-** | | | |
| યુનિટ અધિકારી, ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઈ | ૫૭ | નોકરી | સી-૩, મોડલફાર્મ, આણંદ કૃષિ યુનિવર્સિટી, વડોદરા |

ઉપસચિવ(પં.૨) ૧, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર તા. ૧-૬-૨૦૧૫ના પત્ર ક્રમાંક વીઆરઆર-૨૦૧૫ જા.ન.૧૨-ડી.૨ થી ડભોઈ વઢવાણા રોડથી મોડલ ફાર્મ સુધીનો નવો રોડ બનાવવા માટે અંદાજીત રકમ રૂ|. ૫૦.૦૦ લાખ ફાળવેલ છે. સદર નવા રોડમાં સર્વે નં. ૩૮૫/૪પૈકી પટેલ ભાસ્કરભાઇ ભાઇલાલભાઇની હે. ૦૦.૮.૪૦ ગુઠા જમીન કપાય છે. તેના માટે જમીન સંપાદન ન કરવાને બદલે સાર્વજનીક હીતમાં સમજુતી કરારથી સદર જમીનનો પ્રશ્ન હલ કરવા માટે તા.૦૪/૦૭/૨૦૧૫ના રોજ ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મોડલ ફાર્મ, ડભોઈ ખાતે જવા આવવા માટે તથા અન્ય મુલાકાતીઓ, ખેડૂતો તથા જાહેર જનતાના ઉપયોગ માટે રસ્તો બનાવવા માટે ઉપરોકત ખેડૂત સાથે એક મીટીંગ રાખવામાં આવી હતી જેમાં નીચે મુજબના અધિકારીઓ હાજર રહેલ હતા.

૧. સહ સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ → ડૉ. ડી.એમ.કોરાટ
૨. સહ પ્રાધ્યાપકશ્રી, પશુપોષણ વિભાગ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ → ડૉ. ડી.સી.પટેલ
૩. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી(ઇન્ચાર્જ), માર્ગ અને મકાન વિભાગ, ડભોઈ → શ્રી ડી.એમ ગોહીલ
૪. યુનિટ અધિકારી, ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, મોડલ ફાર્મ, ડભોઈ→ પ્રો.આર.એલ.ચોટલીયા
૫. હસમુખભાઇ પી.પટેલ, વકીલ, ડભોઈ(પટેલ ભાસ્કરભાઇ ભાઇલાલભાઇના પક્ષ તરફથી)
૬. પટેલ ભાસ્કરભાઇ ભાઇલાલભાઇ, ડભોઈ→ ખેડૂત પોતે
૭. અશ્વિનભાઇ સી. પટેલ, વકીલ, ડભોઈ

આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યુ હતું કે, સદર રસ્તો મામલતદાર અને તલાટીના નકશામાં બળદ ગાડાનો જાહેર હયાત રસ્તો દર્શાવેલ છે. સદર હયાત રસ્તાને મોટો કરવા માટે એટલે કે ૭ - મીટર પહોળો કરવા માટે વધારાની જમીનની જરૂરીયાત હોવાથી સર્વે નં. ૩૮૫/૪ પૈકીની જમીનમાંથી અંદાજીત ૧૨૦ x ૭ મીટર મુજબ ૮૪૦ ચો.મી. જમીનની જરૂર પડે. જે જમીન ખેડૂત ભાસ્કરભાઇ ભાઇલાલભાઇ પટેલ આપવા માટે તૈયાર થયેલ છે. જે બદલ તેમને સંમતિ આપી. જેના વળતરની રકમ બન્ને પક્ષે સર્વસહમતિથી એક મીટરના રૂા. ૮૩૨/- લેખે રૂા........................ (અંકે રૂપિયા...........) નકકી કરવામાં આવ્યુ.

ઉપરોકત બેઠકમાં નકકી થયા મુજબ મારી માલીકીના (પટેલ ભાસ્કરભાઇ ભાઇલાલભાઇ) સદર સર્વે નં. ૩૮૫/૪ પૈકીની જમીનમાંથી ૮૪૦ ચો.મી.ના વડતર પેટે આણંદ કૃષિ યુનિવર્સિટી તરફથી રૂા...................... (અંકે.........................)નો સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ડભોઇનો એકાઉન્ટ પેયી ચેક નંબર : ...................... તારીખ:.................. મને મળેલ છે. જેથી સદર જમીન કાયમી ધોરણે ડાંગર સંશોધન કેન્દ્ર,

આફયુ, મોડલ ફાર્મ, ડભોઈમાં બીયારણ ખરીદવા કે તાલીમમાં આવતા ખેડૂતોને સગવડ રૂપ થઈ શકે અને આજ ગામના જનસમુદાય તેમજ બુનિયાદી વિદ્યાલય કુમાર અને કન્યા છાત્રાલય સંસ્થાને તેમજ જાહેર જનતા માટે પણ ફાયદારૂપ થશે એટલે ખેડૂતો અને આણંદ કૃષિ યુનિવર્સિટીના હિતમાં સમજુતી કરાર કરી આપુ છુ.

આ સમજુતી કરારથી મારી માલીકીના સર્વે નં. ૩૮૫/૪ પૈકીવાળી જમીનમાંથી ૮૪૦ ચો.મી જમીન આ લેખથી સરકારશ્રીના હીતમાં જાહેર હેતું માટે જમીન આપુ છુ. આ કરાર મારી સ્વેચ્છાએ અમારી સંમતિથી તેના વળતરની રકમ મળેલ જાહેર રસ્તાના ઉપયોગ માટે જાહેર હેતું માટે પંચોની સક્ષમ અધિકારી રૂબરૂ કરી આપુ છું આ જમીન મગજના સાવધપના હેઠળ બીન કેફીયત પણા હેઠળકોઇની ધાકધમકી કે દબાણ વગર કરી આપું છું અને ભવીષ્યમાં આ જમીન અંગે વધુ વળતર માટે દાવો કરીશ નહી કે કોર્ટનો સહારો લઈશ નહી. જે મને અને મારા વાલી વારસોને બંધનકર્તા રહેશે. જે બદલ આ સમજુતી કરાર કરી આપું છું. આ કરાર કાયમી રીતે અમલી રહેશે તેની પણ હું સાથે લેખીતમાં ખાત્રી અને બાંહેધરી આપુ છું. ઉપરોક્ત ઉલેખવાળી અને ક્ષેત્રફળ ધરાવતી જમીનમાં વર્ષોથી ચાલતો ગાડા માર્ગ છે જે માપણી સીટમાં પણ દર્શાવેલ છે. આ કરાર અમો સબરજીસ્ટ્રાર ઓફીસમાં રજીસ્ટર પણ કરાવેલ. જે સરકારશ્રીની સંસ્થા આણંદ કૃષિ યુનિવર્સિટીના ડાંગર સંશોધન કેન્દ્ર- ડભો તથા જાહેર જનતાના ઉપયોગ માટે આ જમીન વપરાસી કરાર કરી આપીએ છીએ. જે અમારા વંશ વારશોને બંધન કરતા રહેશે. ઉક્ત લેખીત કરાર અમો બન્ને પક્ષકારો વચ્ચે થયેલ છે. તેની અમલવારી કરવા માટે ગામ નમુના નંબર ૭/૧૨ના બીજા હક્કમાં નોંધ કરવાની રહેશે. જેથી બન્ને પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં કોઇ તકરાર થાય નહી. આમ આ લેખીત કરાર અમો તમો લખાવી લેનારની તરફેણમાં સરકારશ્રી, ખેડૂતો, લોકો અને આણંદ કૃષિ યુનિવર્સિટીના ડાંગર સંશોધન કેન્દ્ર-ડભોઈના રસ્તાના જાહેર હીતમાં કરી આપીએ છીએ.

વધુમાં આજ રોજ સદર હું જમીનના શાન્ત અને પ્રત્યક્ષ રીતે સ્થળ ઉપરનો કબજો અમો લખી આપનારે તમો લખી લેનારને પંચો રૂબરૂ હદ નિશાન બતાવીને સોંપી આપેલ છે. તમો તે પ્રત્યક્ષ સંભાળી લીધેલ છે.

| **સમજુતી કરાર કરી આપનાર** | **સમજુતી કરાર કરાવી લેનાર** |
|---|---|
| | |

સાક્ષીઓ

૧.

૨.

૩.

રૂબરૂ

તારીખ ૦૮/૧૦/૨૦૧૫

સ્થળ ડભોઈ

મામલતદાર, ડભોઈ